
એપ્રિલ – ૨૦૧૮

અંક – ૧૨

શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા વિદ્યાલય
એસ. ઉ. વી. નગર. તા. લખપત-કચ્છ
૩૭૦૬૦૧
"યોગ: કર્મસુ કૌશલમ્"

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય




સંપાદકીય બોર્ડ

- એચ.કે. જોષી
- એસ.જે.મેહ્તા
- એમ.એમ.ઠક્કર


## અનુક્રમણિકા


– સ્વચ્છતા હ્રદયની
– ON WOMEN'S DAY
– ગામડુ કોને કહેવાય ? ગામડા ની વ્યાખ્યા શુ ?
– અમારું એ.ડે.વી. વિદ્યાલય
– મોસાળ
– વિદ્યાર્થી ઉવાચ: હાશ ! બોર્ડ એક્ઝામ પૂરી
– જીવન
– શાળા ની પ્રવૃત્તિઓ



# સ્વચ્છતા હ્રદયની




એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક


છેલ્લા કેટલાક સમયથી આપણે ' સ્વચ્છતા અભિયાન ' વિશે વિશેષ જાગૃત થયા છીએ. સ્વચ્છતા વિશે તો આપણે વર્ષોથી સાંભળતાં આવ્યા છીએ. પણ જ્યારે તેને એક 'અભિયાન' તરીકે સ્વીકારવામાં આવે છે ત્યારે આપણે તેના પ્રત્યે વિશેષ જાગૃત બનીએ છીએ.આપણા માનનીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે આ પ્રકારનો પ્રયત્ન કર્યો અને આજે આપણે 'સ્વચ્છ ભારત' વિશે વિશેષ જાગૃત બન્યા છીએ.

મિત્રો, સ્વચ્છતાની વાતો તો થાય છે પરંતુ તેનો અમલ કેટલો અને કેવો એ એક યક્ષપ્રશ્ન છે. ખેર, અત્યારે હું સ્વચ્છ હ્રદયની વાત કરવા માગું છું. આજે આપણે આપણી જાતને એક પ્રશ્ન પૂછીએ કે શું ક્યારેય આપણે આપણા હ્રદયને સ્વચ્છ કરવા કે રાખવા પ્રયત્નશીલ બન્યા છીએ? તહેવારોમાં ઘરની સફાઈ થયા બાદ ઘરનું વાતાવરણ કેવું સ્વચ્છ અને સુંદર લાગે છે તે તમે અનુભવ્યું જ હશે ને ! આ રીતે આપણે આપણા હ્રદયને નિયમિત સ્વચ્છ રાખવાનો પ્રયત્ન કરવામા આવે તો જીવન કેવું નિર્મળ અને સુંદર બની રહે ! આવો હ્રદયને સ્વચ્છ કરવા માટે આવી કેટલીક બાબતો વિશે સાથે મળીને વિચાર કરીએ.

આપણાં હ્રદયની સંભાળ ખૂબ જ જરૂરી છે.
બાઈબલ કહે છે કે,**'જે મોમાંથી નીકળે છે, તે હ્રદયમાંથી આવે છે, ને તે જ માણસને વટાળે છે.'**

આમ માણસને અશુદ્ધ કરનાર હ્રદયમાંથી નીકળનારી વાત છે. તો આજે વિચાર કરીએ કે મારા હ્રદયમાં આવી અશુદ્ધતાઓ કઈ કઈ છે જેને સાફ કરી શકાય. જેમ કે અપવિત્રતા, લંપટપણું, વૈરભાવ, કજિયાકંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાકટાઇ, વિલાસ, વ્યભિચાર, દંભ, સ્વાર્થ વગેરે... આપણાં હ્રદયમાંથી આવી ગંદકીને દૂર કરી સ્વચ્છ હ્રદયથી જીવન જીવવાની મજા અલગ જ છે.

મુખમાંથી બોલાયેલા શબ્દોનું ખૂબ મહત્વ છે. આપણાં શબ્દો હ્રદયની સ્વચ્છતા કે ગંદકીને વ્યક્ત કરે છે. ' આંધળીના બધા આંધળા' આ શબ્દોએ મહાભારત સર્જ્યું. શબ્દ કાતરનું કામ કરે છે. શબ્દ બેધારી તલવાર કરતાં પણ વધું તીક્ષ્ણ છે. જો મુખમાં ગંદી વાત, બીજાને દુખ પહોંચાડવામાં ચાલાક, બીજા પ્રત્યે ગુસ્સો, સામાન્ય વાતચીતમાં પણ ઉગ્રતા, મજાક મજાકમાં બીજાને ઉતારી પાડવા, નફરત ફેલાવનારી ઝનુની વાણી... કેવી ખદબદતી ગંદકી.

વ્યક્તિની પરખ તેના હ્રદયથી બોલાયેલા શબ્દોથી થતી હોય છે. જ્યા હ્રદય અને શબ્દોમાં ભેદ હોય છે ત્યાં કપટ હોય છે. આજે આપણે એવા લોકોને જ યાદ કરીએ છીએ. જે મન, વચન અને કર્મથી એક હોય છે. આ અંક તમારા હાથમા આવશે ત્યારે 'ગુડ ફ્રાઈડે' તહેવાર ઉજવાઈ ગયો હશે. આ દિવસે ઈસુ ખ્રિસ્તને વધસ્તંભ પર મારી નાખવામાં આવ્યા પરંતુ આ દિવસને 'ગુડ ફ્રાઈડે' એટલે કે 'ભલો શુક્રવાર' અથવા 'શુભ શુક્રવાર' તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તેમના હ્રદયમાં જગતના લોકો પ્રત્યે પ્રેમ હોવાને કારણે જગતના લોકોનો ઉદ્ધાર કરવા માટે નિર્દોષ હોવા છતાં જીવન આપી દીધું. આપણે પણ જીવનને સાર્થક કરવું હશે તો હ્રદયમાં પડેલી ગંદકીને મીઠા શબ્દોથી લીંપવાનો પ્રયત્ન કરવાને બદલે હ્રદયને સ્વચ્છ કરવું એ જ એક અને માત્ર એક જ ઉપાય છે.

( ક્રમશઃ )

# ON WOMEN'S DAY



બીના ડી. ભટ્ટ
માધ્યમિક શિક્ષક
(અંગ્રેજી માધ્યમ)

The place BHUJ ( KUTCH) is my birth place. It has given me so much that I cannot explain in words. In my life I have experienced beautiful experiences. I will always cherish my glorious past which boost me up for my better present and best future. I always tried to perform all my duties very well. I am proud to be a teacher ,to be a daughter ,to be a wife, to be a friend, to be a daughter-in –law, to be a sister-in-law ,to be a sister and a mother of two lovely angels. Moreover I am proud to be a responsible INDIAN.

We all know that a life itself is an exam. I also faced some bitter experiences in my life. Sometimes when we remember such experiences in life there comes a completely U turn in our life. With a poem I have tried to share my feelings.

## STILL………

I feel the colour and the salt of this air,
A culture sinks deep into me,
But I face my crux today,
My pain since decades,
I see my wings clipped and trimmed as per others needs
To any sizes………..
My voice flutters,
Somewhere in the throat,
I feat my feat,
And its many madness,
The truth of things elude still………
I grow smaller and smaller still……..
*****************_________________*****************


BUT THEN, RATHER THAN BEING IN PAIN , I REMEMBER THE GOOD DAYS AND I HAVE A FAITH IN GOD. I TELL MYSELF THAT GOLDEN DAYS ARE YET TO COME. I FEEL THAT THE PAIN AND PLEASURES ARE TWO SIDES OF A LIFE. WHATEVER GOD HAS GIVEN ME IS A BLESSING………….

# ગામડુ કોને કહેવાય ?
# ગામડા ની વ્યાખ્યા શુ ?



એસ.જે. મહેતા
ઈ. આચાર્ય

આવો જોઈએ
ગામડા ની મજા
ગામડામાં વસ્તી નાની હોય..
ઘરે-ઘરે જ્ઞાની હોય...,
આંગણિયે આવકારો હોય...
મહેમાનોનો મારો હોય...!
ગામમાં ચા પાવાનો ધારો હોય,
વહેવાર એનો સારો હોય,
રામ-રામનો રણકારો હોય,
જમાડવાનો પડકારો હોય...!
સત્સંગ મંડળી જામી હોય...
બેસો તો !
સવાર સામી હોય..,
જ્ઞાનની વાતો બહુ નામી હોય,
જાણે સ્વર્ગની ખામી હોય...!
વહુને સાસુ ગમતાં હોય...
ભેળાં બેસી.. જમતાં... હોય..,
બોલવામાં સમતા હોય...
ભૂલ થાય તો નમતાં હોય...!
છોકરાં ખોળામાં રમતાં હોય...
આવી માની મમતા હોય..,
'ગઈઢ્યા' છોકરાવને સંભાળવતાં હોય.
ચોરે બેસી રમાડતાં હોય !
સાચી દિશાએ વાળતાં હોય..
બાપાના બોલ સૌ પાળતા હોય..,
ભલે ! આંખે ઓછું ભાળતાં હોય...
આવા 'ગઈડાં' ગાડા વાળતાં હોય !
નીતિ નિયમનાં શુદ્ધ હોય..,
આવાં ઘરડાં ઘરમાં વૃદ્ધ હોય..,
માંગે પાણી ત્યાં હાજર દૂધ હોય...
માનો તો ભગવાન બુદ્ધ હોય..!
ભજન-કીર્તન થાતાં હોય..
પરબે પાણી પાતાં હોય...,
મહેનત કરીને ખાતાં હોય...
પાંચમાં પૂછાતાં હોય..!
દેવ જેવા દાતા હોય...
પરબે પાણી પાતાં હોય...,
ભકિત રંગમાં રંગાતા હોય...
પ્રભુનાં ગુણ ગાતા હોય...!
ઘી-દૂધ બારે માસ હોય...
મીઠી-મધુર છાસ હોય...,
વાણીમાં મીઠાશ હોય...
રમઝટ બોલતા રાસ હોય...!
પુન્ય તણો પ્રકાશ હોય..ત્યાં નકકી...
ભગવાન નો.. વાસ હોય..,
કાચાં-પાકાં મકાન હોય..
એમાંય એક દુકાન હોય...,
ગ્રાહકોનાં એવાં માન હોય...
જાણે મળયા ભગવાન હોય...!
સંસ્કૃતિની શાન હોય...
ત્યાં સુખીએનાં સંતાન હોય...,
એક ઓશરીએ રૂમ ચાર હોય, સૌનું ભેળું જમણવાર હોય...,
અતિથીને આવકાર હોય...
ખુલ્લાં ઘરનાં દ્વાર હોય...!
કુવા કાંઠે આરો હોય...,
નદી કાને કિનારો હોય...,
વહુ-દીકરીનો વર્તારો હોય...
ધણી પ્રાણથી પ્યારો હોય !
કાનો ભલે ! કાળો હોય..
એની રાધાને મન રૂપાળો હોય..,
વાણી સાથે વર્તન હોય...
મોટા સૌનાં મન હોય...,
હરિયાળાં વન હોય...
સુગંધી પવન હોય...!
ગામડું નાનું વતન હોય,
ત્યાં જોગમાયાનાં જતન હોય...,
માનવી મોતીનાં રતન હોય...
પાપનું ત્યાં પતન હોય...!
શીતળવાયુ વાતો હોય,
ઝાડવે જઈ... અથડાતો હોય.., .
મોર તે દી' મલકાતો હોય,
ગામડાનો મહિમા ગાતો હોય,
પછી તેની... કલમે.. લખાતો હોય...
ભાઈ ................ભાઈ .... ..........






# અમારું એ.કે.વી. વિદ્યાલય



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

શાળાએ સમાજની પ્રતિકૃતિ છે. માનવની અન્ન, વસ્ત્ર , રહેઠાણની પાયાની જરૂરિયાતોની સાથે સાથે આજે શિક્ષણ પણ પાયાની જરૂરિયાત બની ગયું છે. શિક્ષણ મેળવેલ વ્યક્તિનું જીવન સાર્થક બને છે.

બાળકો તમામ શિક્ષણ માત્ર કુટુંબમાંથી મળી શકતું નથી. સારા નૈતિક મૂલ્યો , સંસ્કારો અને ગુણોનું સિંચન શાળામાંથી જ શક્ય બને છે. સારો માનવી બનાવવામાં શાળાની ભૂમિકા અગ્રેસર છે. શાળાકીય જીવનનું મહત્વ વિધાર્થીઓ માટે જેટલું આંકીએ તેટલું ઓછું છે.

કચ્છના છેક છેવાડે આવેલા લખપત તાલુકામાં આવેલી શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા વિધાલયની આછેરી ઝલક જોઈએ તો... છેવાડાના પચ્છમ સૂકાભઠ્ઠ વિસ્તારમાં આવેલી આ શાળા આજુબાજુના નાના – નાના ગામડાં વિસ્તારો માટે રણની વિરડી સમાન સાબિત થઈ છે. તમસો મા જ્યોર્તિગમય ની માફક જીએમડીસી , જીઈબી ઉપરાંત આજુબાજુના વિસ્તારના લોકોમાં શિક્ષણની જ્યોત પ્રજવલિત રાખીને વિધાર્થીમાં પ્રકાશ પાથરી રહી છે. પ્રાથમિક શાળાની શરૂઆત ૧૯૮૧ , બાલમંદિર ની શરૂઆત ૧૯૮૩, માધ્યમિક શાળાની શરૂઆત ૧૯૮૮ , અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાને શરૂઆત૧૯૯૬ તેમજ ઉચ્ચ. માધ્યમિક શાળાને શરૂઆત ઈ.સ. ૨૦૦૦માં થઈ.

શહેરી વિસ્તારોમાં ટ્યુશનિયા શિક્ષકો આધારિત ચાલતી કેટલીયે શાળાઓ જોવા મળે છે પરંતુ આ એસ.કે.વી વિધાલય ટ્યુશનના વાયરસથી દૂર દુર્ગમ વિસ્તારમાં પુસ્તકિયા શિક્ષણની સાથે સાથે જીવનલક્ષી શિક્ષણ પણ આપી રહી છે. અધતન ભૌતિક સાધન સામગ્રીથી શાળા સજજ બની રહી છે.

આજે જ્યારે શિક્ષણ મોઘુંદાટ થઇ રહ્યું છે ત્યારે વિધાર્થીઓને qualitative education આ એસ.કે.વી. માં મળી રહયું છે. આપણી શાળાના કુશળ , કાર્યનિષ્ઠ શિક્ષકો ના જ્ઞાનનો લાભ વિધાર્થી મેળવી રહ્યા છે.

વિવિધ શાળાકીય પ્રવૃતિઓ , રમત જગત ક્ષેત્રે , સાંસ્કૃતિક ક્ષેત્રે શાળાના વિધાર્થીઓમાં સર્વાંગીણ વિકાસ થાય તે માટેનાં પ્રયત્નો થઇ રહ્યા છે. જેમ ખૂણામાં મૂકેલો દિપક આખા રૂમમાં પ્રકાશ પાથરે છે તેવી રીતે અંતરિયાળ વિસ્તારમાં આવેલી શ્રી એસ.કે.વી. વિધાલય આસપાસના ગામો માટે દિવ્ય તેજ પૂંજ સાબિત થઈ છે.

' જલાવી જાતને ધૂપ સુવાસિત બધું કરે ' તેવા અમારા શિક્ષકો બાળકોમાં ઉચ્ચતમ ચારિત્ર્ય નિર્માણ કરવાનો પૂરો પ્રયત્ન કરી રહ્યા છે. સપૂત એવા શ્રી શ્યામજીના નામથી ઓળખાતી શાળા વિવિધ ક્ષેત્રે વધુને વધુ સિધ્ધિઓ પ્રાપ્ત કરે તે માટે તમામ શળા પરિવાર પ્રયત્ન કરે છે.

હું આ શાળાનું અવિભાજ્ય અંગ છું તેનો મને અનહદ આનંદ ની સાથે ગર્વ છે. અમારી શાળા પ્રત્યે અમને ખૂબ માન છે. શાળાનું ઋણ આપણે કદી ન ચુકવી શકીએ પણ યથાશક્તિ સેવા આપી નાનકડો પ્રયાસ જરૂર કરી શકીએ. વંદન મારી આ શાળાને.

# મોસાળ



"કાશ"
કાશ્મીરા હિમાંશુ ગોર

નાનીમાં અને મામા નું ઘર એટલે મોસાળ ,
વેકેશન ની મજા લૂંટવાનું સ્થળ એટલે મોસાળ.
'માં ' થી પણ વધુ મીઠળો મારો મામો,
ભાણેજ ને મન સપના નું સ્વર્ગ એટલે મોસાળ.

'દીકરી ' ની કાગડોળે રાહ જોતી નાની;
આંખો રસ્તાપર પાથરી દેતી મામી,
જયાં 'માં ' પણ બાળક જેવી જ બને;
મામા અને મારી સાથે મળી ધમાચકડી કરે.
રાત્રે પત્તા ની બાજી;
આઈસ્ક્રીમ,રસ કે સોડા ની પાર્ટી,
એટલે મોસાળ.
મંમી ની મનગમતી રસોઈ;
થાળી પીરસી;જમવા બોલાવાય એટલે મોસાળ.
અથાણાં, મસાલા ને પાપળ,
વેફર,ચક્રી ને કેસર કેરી નો ધાબો એટલે મોસાળ.
....વેકેશન નો છેલ્લો દિવસ;
ઘરમાં નો દરેક ખૂણો ઉદાસ,
લઈ જવાની વસ્તુઓ ભેગી કરતી મામી,
તેના પર નજર ફેરવી સંતોષ કરતી નાની.
આવતા વેકેશન માં જલ્દી આવજે;
આ તોફાનીઓ ને સાથે ન લાવજે;
સાચા-ખોટા વચનો,
ટપલા-ટપલી અને આંખો મા પાણી એટલે મોસાળ.





# વિદ્યાર્થી ઉવાચ: હાશ ! બોર્ડ એક્ઝામ પૂરી



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

પરિક્ષા , પરિક્ષા , પરિક્ષા આ શબ્દ તમામને હંફાવે છે. પછી ભલે તે બાળક હોય, વિદ્યાર્થી હોય, કોલેજિયન હોય કે ઉચ્ચ ડિગ્રીધારી વ્યક્તિ હોય. ડગલે ને પગલે પરીક્ષાનો હાઉ વ્યક્તિને પાંગળો બનાવી દે છે. સંપૂર્ણ જીવન કસોટીઓથી ભરેલું છે.

વિદ્યાર્થી જ્યારે S.S.C કે  H.S.C માં આવે ત્યારથી જ ઘરમાં જાણે હાઇ એલર્ટ લાગી જાય છે. બોર્ડ નું ભૂત એટલું બધું સવાર થઇ ગયું હોય કે બધાં એટેન્શન , એટેન્શન ઉચ્ચારતા થઇ જાય છે, સતત આવું સાંભળતો વિદ્યાર્થી ટેન્શનમાં આવી જાય છે. તનાવમુક્ત વાતાવરણ ઊભું કરવાને બદલે ઘરમાં સતત તણાવની સ્થિતિ સર્જાતી હોય છે. વિદ્યાર્થીની સાથે સાથે જાણે માતા – પિતાની પણ બરાબર કસોટી થઇ જતી હોય છે. મહેનત ન કરતાં વિદ્યાર્થી માટે માતા – પિતા ખૂબજ ચિંતામાં રહેતાં હોય છે.

છતાં પરીક્ષા એ પરીક્ષા છે. નબળા કએ હોશિયાર તમામને પરીક્ષાનો ડર તો લાગે જ છે. વિદ્યાર્થીઓ ને પરીક્ષા જાણે કુરુક્ષેત્રના મેદાન પર લડાતા યુધ્ધ જેવી ભયંકર લાગે છે. પરીક્ષા માંથી પાર ઉતરી જઇએ તેવી તમામ વિદ્યાર્થીઓને અપેક્ષા હોય છે. પરીક્ષા પૂરી થાય કે તરત વિદ્યાર્થી રિલેક્સ મૂડ માં આવી જાય છે.

હવે, જ્યારે બોર્ડ એક્ઝામ પૂર્ણ થવાના આરે છે ત્યારે દરેક વિદ્યાર્થીના મનમાં હાશ ! જે એક અલગ જ અનુભૂતિ છે તે આપણને જોવા મળે છે. ઝટ પરીક્ષા થાયકે નવા નવા અરમાનો , શોખો પૂરા કરવા વિદ્યાર્થી થનગનતો હોય છે.

અરે, " વિદ્યાર્થીઓ ક્યું ગભરાઓ, બસ હવે, વેકેશન મનાઓ, ટેન્શન ભગાઓ".

ડગલેને પગલે આવનારી પરીક્ષાઓ, કસોટીઓથી ડરી ન જઇ life is a struggle, fight it નો એટીટયુડ રાખી કટિબધ્ધ બનો.

વહાલા વિદ્યાર્થીઓ, પરિણામની ચિંતા છોડી ફરી જીવનમાં આવનારી નવી – નવી પરીક્ષાઓ માટે તૈયાર થઇ જાઓ અને અડગતાથી , હકારાત્મક અભિગમથી સામનો કરજો.

પરિક્ષા પૂરી થઇ એનો હાશકારો અનુભવજો પણ સાથે સાથે એટલું પણ યાદ રાખીએ કે.......



" સંગ્રામ મારે લડવો છે ખુમારીથી , ખુમારીથી

ના જિંદગી વિતાવવી બીતા બીતા બિમારીથી".





Mr. Pragneshkumar H Jani
J. E. [ ELECT ]

## 'જીવન '

થોડો સમય મળ્યો છે તો જીવી લઈ એ..
મોટી નહીં તો નાની જીદ કરી લઈએ...

મુશ્કેલ છે બનાવવા સપના ને શક્ય...
થોડો પ્રયાસ કરી લઈએ...

કોરી ખાય એકલતા એ પહેલાં..
થોડીક એને હડસેલી લઈએ...

હસવું - રડવું બંને જરૂરી છે જીવનમાં...
થોડું સંતુલન શીખી લઈએ...

આ તો હું નથી.. એ વિચારો કરવા કરતાં..
થોડીક ખુદ ને પણ ઓળખી લઈએ...

પ્રેમ.. સન્માન બધા ના હકદાર છીએ..
ક્યાં થઈ ભૂલ? શોધી લઈએ...

કોને ખબર છે કે ક્યારે જવાનું છે...
થોડો પ્રેમ આપી થોડો પામી લઈએ...



## શાળા ની પ્રવૃત્તિઓ









# કંકુ તિલક

# ધોરણ-૮ વિદાય

